# તલોદ પોલીસે બાતમીના આધારે એક લાખના દારૂ સહિત છ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

તલોદ, તા.૨૭

તલોદ તાલુકાના હરસોલ અમદાવાદ ધોરીમાર્ગ પર આવેલ ગુલાબની મુવાડી ગામના રસ્તા પરથી બાતમીના આધારે એક લકઝરીયસ કારમાંથી અલગ અલગ બનાવટ ની દારૂની ૪૨૦ બોટલ કબજે લઈ એક આરોપી ની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે. આ અંગે પ્રાપ્ત માહીતી મુજબ જિલ્લા પોલીસ વડા વિશાલ વાઘેલા ના સૂચના મૂજબ દારૂ અને જુગારને લગતા ગુનાઓ ને અંકુશ માં લેવા તથા શોધી કાઢવાની અસરકારક અમલીકરણ ના આશયથી તલોદ પોલીસ સબ ઈન્સ્પેકટર બી એમ પટેલ પેટ્રોલિંગ માં હતા તે દરમિયાન તલોદ પોલીસ સ્ટેશન ખાતે ડી સ્ટાફ એ એસ આઈ જયપાલસિંહ ને બાતમી મળી હતી કે હરસોલ ચોકડી તરફથી એક સફેદ કલરની મહિન્દ્રા ઝાયલો કાર નં જી જે ૦૧દ્બત્ન ૫૨૬૯ વિદેશી દારૂ લઈને અમદાવાદ તરફ જઈ રહી છે બાતમી મળતાં પોલીસ સ્ટાફ હરસોલ ચોકડી થી ગુલાબની મુવાડી ખાતે જવાના રસ્તા પર તલોદ પોલિસે બાતમી વાળી સફેદ કલરની મહિન્દ્રા ઝાયલો કાર આવતા તેને નાકાબંધી કરી રસ્તો બ્લૉક કરી રોકતા ગાડીના ચાલકે કાર ઊભી રાખી હતી કારની તલાશી લેતા કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની ૪૨૦ બોટલ જેની કિંમત ૧૦૩૫૦૦ થવા જાય છે તથા દારૂમાં વપરાતી ઝાયલો કાર તેમજ એક કીપેડ વાળો મોબાઈલ એમ કુલ ૬૦૪૦૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે લઈ ગાડી ના ચાલક હરીશ કુમાર નાથાજી ડામોર રહે બલિચા તા ખેરવાડા રાજસ્થાન વિરૂધ્ધ ગુનો નોંધી ધરપકડ કરી તલોદ પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી એમ પટેલે વધુ તપાસ હાથ ધરી છે.




# ઉત્તર ગુજરાતના શાળા સંચાલકો ગ્રાન્ટેડ શાળાઓને બચાવવા મુખ્યમંત્રીને પત્ર લખશે

**શાળામાં આચાર્ય, શિક્ષકો, પટાવાળા, બિનશૈક્ષણિક સ્ટાફની જગાઓ ખાલી છે તે પૂરવા અભિયાન**

બાયડ, તા.૨૭


રાજ્યની શાળાઓમાં નવું શૈક્ષણિક સત્ર શરુ થયાના ૨૨ દિવસ પછી પણ કર્મચારીઓના અભાવે વિદ્યાર્થીઓનું ભાવિ ડામાડોળ થવાની દહેશત છે ત્યારે ઉત્તર ગુજરાતના શાળા સંચાલકો હવે મુખ્ય મંત્રીને પત્ર લખી શાળામાં આચાર્ય, શિક્ષકો, પટાવાળા, બિનશૈક્ષણિક સ્ટાફની જગાઓ ખાલી છે તે પૂરવાનું અભિયાન શરુ કરી દીધું છે અને મુખ્ય મંત્રીને ચોટદાર સવાલો પૂછીને ગુજરાતના શિક્ષણની આપને ચિંતા છે ?? તે બાબત ગુણોત્સવની મિટીંગમાં આપે પૂછેલા સવાલો દર્શાવે છે કે આપણે શિક્ષણમાં જે ખૂટે છે તેની પૂર્તતા કરવી જોઈએ.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યના શાળા સંચાલકો દ્વારા સરકારમાં સંચાલકોની મુશ્કેલીઓ અંગે તબક્કાવાર રજૂઆતો પછી કેટલાક પ્રશ્નોનો ઉકેલ આવ્યો પરંતુ કેટલાક પ્રશ્નોનો હજુ ઉકેલ આવ્યો નથી. ૫ વર્ષ પછી આચાર્યોની ભરતી કરવાની પ્રક્રીયા આગળ વધી રહી છે અને તેમાં સંચાલકોનાં કાંડાં કાપી લેવા જેવી શિક્ષણ વિભાગે કરામત કરતાં અનેક શાળા સંચાલકોમાં રોષ જોવા મળ્યો છે અને હવે ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા તમામ ગ્રાન્ટેડ શાળા સંચાલકો જોગ વિનંતી કરવામાં આવી છે જેમાં ઉત્તર ગુજરાતના તમામ શાળા સંચાલકોને પણ પત્ર લખીને તાકીદ કરી છે કે શું તમે તમારી ગ્રાન્ટેડ શાળા બચાવવા માગો છો ?? શું તમારી પાસે ૧૦ મિનીટનો સમય છે તો મુખ્ય મંત્રીને પત્ર લખશો અને શાળામાં આચાર્ય, શિક્ષકો સહિત જે સ્ટાફની જગાઓ ખાલી છે તે ઝડપથી પૂરવા પત્ર અભિયાન શરુ કરી દેવામાં આવ્યું છે અને પત્રમાં પણ જણાવાયું છે કે આપણા સૌના માનવા મુજબ થાળીઓ વગાડવાથી કોરોના જતો રહે છે, ઘરની લાઈટો બંધ કરીને મિણબત્તી અને દિવાઓ સળગાવીને આવેલી આફતો રોકી શકાય છે આ બાબતો પરથી અમને એવું લાગે છે કે થાળીઓ ન વગાડીએ અને દિવા ન કરીએ પણ આપણા જેવા સમજદાર મુખ્ય મંત્રીને વ્યક્તિગત પત્રો લખીને અમારી મૂંઝવણની જાણ કરીએ તો કદાચ આપના શાસનકાળ દરમ્યાન ગુજરાતમાં ચાલતી ગ્રાન્ટેડ શાળાઓને જીવતદાન મળી જશે અને આર્થિક રીતે તથા સામાજીક રીતે પછાત વર્ગોના ગરીબ ખેડૂતોના સંતાનોને ગામડાઓની ગ્રાન્ટેડ શાળાઓમાં પહેલાંની જેમ શિક્ષણ મળી જશે અને કદાચ આપના સહકાર અને પ્રયત્નોથી પુન કોઈ વિક્રમ સારાભાઈ, સરદાર પટેલ, મહાત્મા ગાંધી, રવિશંકર મહારાજ અને પેટલીકર જેવા સાહિત્યકારો ગુજરાતને ઉપલબ્ધ કરાવી શકીશું.

**વાવાઝોડા પછીના વરસાદથી વાવણી કાર્ય થયું**

# જિલ્લામાં વાવેતર પછી ધોધમાર વરસાદ ન વરસતાં ખેડૂતો ચિંતિત

**સવારે વાદળો ગોરંભાય છે, બપોરે ઝાપટાં અને પછી ઉઘાડ નિકળતાં ખેડૂતો ચિંતિત**



બાયડ, તા.૨૭

સાબરકાંઠા જિલ્લામાં બિપરજોય વાવાઝોડાના કારણે વાવણીલાયક વરસાદ વરસ્યા પછી ૭૦ હજાર હેક્ટરથી વધુ જમીનમાં ખરીફ પાકનું વાવણી કાર્ય પૂર્ણ થયું પરંતુ છેલ્લા ૫ દિવસથી અસહ્ય બફારા અને ગરમીના કારણે હવે વાવેતર ઉપર સંકટ મંડરાયું છે. નિયમિત ચોમાસુ બેસવાની સાથે ધોધમાર વરસાદની આગાહી પણ જૂનના છેલ્લા સપ્તાહના પ્રારંભે ખોટી ઠરી છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં પરોઢથી વાદળો ગોરંભાય છે, બપોરે ઝાપટાં અને પછી ઉઘાડ નિકળતાં ખેડૂતો ચિંતિત જણાઈ રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર મે. મહિનામાં વરસેલા કમોસમી વરસાદથી ખરીફ પાકનું વહેલું વાવેતર કરનારા ખેડૂતોની ખેતીને જીવતદાન મળ્યું. ત્યાર પછી સૌરાષ્ટ્ર, કચ્છના સાગરકાંઠે ત્રાટકેલા બિપરજોય વાવાઝોડાના કારણે ચોમાસુ ભૂલાવી દે તેવો ધોધમાર વરસાદ જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, વડાલી, ઈડર, હિંમતનગર તાલુકામાં વરસ્યો. પ્રાંતિજ અને તલોદ તાલુકામાં પણ મધ્યમ વરસાદ વરસ્યો હતો જેથી મોટાભાગના તાલુકાઓમાં વાવણીલાયક વરસાદ વરસ્યા પછી ખેડૂતોએ ખરીફ વાવેતર શરુ કર્યું. પરંતુ હવે નિયમિત ચોમાસુ બેસવામાં વિલંબ અને ત્યાર પછી માત્ર વરસાદી હળવાં ઝાપટાં વરસતાં ખરીફ વાવેતર ઉપર સંકટ મંડરાયું છે. રાજયમાં ચોમાસાએ આગમન કર્યું છે. દક્ષિણ-મધ્ય ગુજરાતના અનેક વિસ્તારોમાં સારો વરસાદ વરસ્યો પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હજુ પણ ખેડૂતોના હૈયાને ટાઢક વળે તે રીતે નિયમિત ચોમાસાનો વરસાદ વરસ્યો નથી જેના કારણે ખેડૂતો સવારથી ખેતરમાં જાય છે, ખેડ કરે છે અને ખરીફ વાવેતર નિષ્ફળ ન જાય તે માટે આકાશભણી મીટ માંડી કુદરત અપાર વરસાદ વરસાવે તેવી પ્રાર્થના કરતા જોવા મળી રહ્યા છે. સોમવાર સવારે પણ જિલ્લાના આકાશમાં કાળાં ડીબાંગ વાદળોની જમાવટથી હમણાં ધોધમાર વરસાદ વરસશે તેવું વાતાવરણ થયું પરંતુ ધીરે ધીરે વાદળો હટ્યાં અને આકાશ સ્વચ્છ થઈ જતાં ફરીથી ખેડૂતો નિરાશ થયાનું જાણવા મળ્યું છે. કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં સામાન્ય વરસાદી ફોરાં બપોર સુધીમાં વરસ્યાનું જાણવા મળ્યું છે.

**પાણીના વધામણાં કરી ખેડૂતો ખુશીથી જુમી ઉઠ્યા**

# વાત્રક ડેમમાં નર્મદાના નીર પાઈપલાઈન મારફતે ઠલવાયા

મોડાલા, તા.૨૭

ગુજરાતના ખૂણેખૂણા સુધી પીવાના પાણીની સમસ્યાના નિવારણ માટે નર્મદા જળસ્તર કલ્પસર યોજના થકી ગામડે ગામડે પાણી રાજ્ય સરકાર પહોંચાડવા કટિબદ્ધ બની છે રાજ્ય સરકારના સિંચાઈ અને નર્મદા જળ સ્તર કલ્પસર વિભાગ દ્વારા ૯૦ કરોડના ખર્ચે નર્મદા નદીની મુખ્ય કેનાલમાંથી જાલમપુર પંપિંગ સ્ટેશન અને ત્યાંથી પાઈપ લાઈન દ્વારા વાત્રક ડેમમાં પાણી લાવવા માટેની યોજના અમલી બનાવી હતી. ઘણા સમયથી આ વિસ્તારના ખેડૂતો અને પશુપાલકોની પણ માગ હતી. ત્યારે સરકારની આ યોજના દ્વારા બાયડના જાલમપુરથી પાઈપલાઈન દ્વારા માલપુરના ભેમપોડા ખાતે આવેલા વાત્રક ડેમમાં પાણી પહોંચતા ખેડૂતો અને પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. અરવલ્લી જીલ્લાના વાત્રક ડેમમાં નર્મદાનું પાણી ઠલવાતા ખેડૂતો અને લોકોમાં આનંદ છવાયો છે ખેડુતોને સિંચાઈનું પાણી મળી રહે અને ચર તાલુકામાં પાણી પુરવઠા જૂથ યોજના દ્વારા પાણી ફિલ્ટર કરીને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે જાલમપુર પમ્પીંગ સ્ટેશનથી વાત્રક ડેમ સુધી ૧૯ કિમિ પાઈપલાઈન ૧૩ મહિનાના ટૂંકા ગાળામાં નાખી પાણી ઠાલવવામાં આવ્યું હતું ઉનાળાના સમયે અને ચોમાસામાં વરસાદ ખેંચાય ત્યારે ડેમના લેવલ પણ ઘટી જતાં હોય છે. આવા સમયે નર્મદાના નીર વાત્રક ડેમમાં નાખવામાં આવતા ખેડૂતો અને પશુપાલકોને સીધો ફાયદો થશે. તેમજ આમ જનતાને પણ પીવાનું પાણી છૂટથી મળી રહેશે. આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા બોર કુવાના સ્તર પણ ઊંચા આવશે. ત્યારે આ સમગ્ર ખુશી સાથે ગ્રામજનોએ નર્મદાના નીરના વધામણાં કર્યા હતા.



# સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર ખાતે ગ્રાહક સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

પાલનપુર તા.૨૭

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરના એન.એસ.એસ. યુનિટ તથા બનાસકાંઠા ગ્રાહક સુરક્ષા, શિક્ષણ અને સંશોધન મંડળ પાલનપુરના સંયુક્ત ઉપક્રમે આજ તારીખ ૨૬/૦૬/૨૦૨૩ ના રોજ ગ્રાહક સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,જે અંતર્ગત ગ્રાહક સુરક્ષા મંડળના બનાસકાંઠા ખાતેના મંત્રી અને તંત્રી પૂર્ણિમાબેન મહેતાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રાહક સુરક્ષાને લગતા વિવિધ કાયદા ઓ વિષેની સચોટ તથા રસપ્રદ માહિતી ઉદાહરણ સાથે આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓએ વ્યાખ્યાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો તથા સવાલ જવાબ કરી જરૂરી માહિતી મેળવી હતી. કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ. યોગેશ બી. ડબગર ઉપસ્થિત રહ્યા તથા પ્રાસંગિક ઉદ્‌બોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ પ્રો. ડી.એન પટેલ, ડૉ. કે. કે. માથુર, પ્રો. સુનીલ ચૌધરી, ડૉ. શીતલ ચૌધરી, પ્રો. હેતલ રાઠોડ તથા ફાઈન આર્ટસ કોલેજમાંથી ગણેશભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન તથા સંચાલન પ્રો. આર.ડી. વરસાતે કર્યું હતું.







તલોદ જેબી ઉપાધ્યાય બહેરા મૂંગા શાળામાં ચોપડાઓનું વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું તલોદ તાલુકાના મહીયલ ખાતે આવેલ શ્રી જે.બી ઉપાધ્યાય બહેરા મૂંગા શાળામાં મૂળ ખેરોલ ગામના વતની અને ધંધા આર્થે નરોડા ખાતે સ્થાયી થયેલા મારા પરમ મિત્ર એવા સ્વર્ગસ્થ રમેશભાઈ કાંતિભાઈ પટેલ ના સ્મરણ આર્થિક તેમના પુત્ર ગિરીશભાઈ પટેલ તથા રવિભાઈ પટેલ દ્વારા ગરીબ તથા વિકલાંગ વિદ્યાર્થીઓને વિના મૂલ્ય ચોપડા વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તલોદ સહકારી ગ્રાહક ભંડારના ચેરમેન પ્રવીણભાઈ રાવલ આ સેવા કાર્યના ભાગીદાર બન્યા હતા.આ પ્રસંગે શાળાના આચાર્ય ચિરાગભાઈ જોશી તથા ડાયરેક્ટ ભરતભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા

**ખાતામા પૈસા નાખવાનુ કહીને પૈસા ઉપાડી લીધા**

# પ્રાંતિજના મોયદ ખાતે દશથી પંદર સગર્ભા મહિલાઓના ખાતામાંથી પૈસા ઉપડી ગયા

**ઓનલાઈન પેમેન્ટ રીકવેસ્ટ લીક મારફતે પૈસા ઉપાડી લીધા : અલગ-અલગ ખાતામાંથી કુલ-દોઢ લાખથી વધારે ઉપાડી લીધા : ઓનલાઈન પૈસા ખાતામા નાખવાનુ કહીને પૈસા ઉપાડી લીધા**




પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના મોયદ ગામે દશ થી પંદર સગર્ભા બેહેનોના ખાતામાંથી અંદાજે દોઢ લાખ થી વધારે રકમ ઉપડી જતા સગર્ભા મહિલાઓ મુજવણમા મુકાઈ.

પ્રાંતિજ ના મોયદ ખાતે દસથી પંદર જેટલી સગર્ભા મહિલાઓને એકજ નંબર ઉપર થી નંબર ૯૦૩૮૨૭૭૫૭૨ ફોન કરી તેવોને છેલ્લી રસીના પૈસા મોકલવાના હોય તેવુ કહીને તેવોના ખાતામાં ઓનલાઈન પૈસા નાખવાનુ કહીને તેવોને ઓનલાઈન ગુગલ પે ઉપર રીકવેસ્ટ કરી અને ઓનલાઈન પેમેન્ટ રીકવેસ્ટ લીક મોકલે અને જેવુ કોઈ ગ્રાહક નીચે આવેલ પીન એક્ટીવ કરતા તેવોના ખાતામાંથી રૂપિયા ઉપડી જાય છે ત્યારે પ્રાંતિજ ના મોયદ માંથી અંદાજે ૧૦થી૧૫ સગર્ભા મહિલાઓના ખાતામાંથી છેલ્લી રસી ના પૈસા નાખવાનુ કહીને પૈસા ઉપડી જતા મહિલાઓ દ્વારા ૧૯૩૦ ઉપર ફોન પણ કયા હોવાનુ જાણવા મલ્યુ છે ત્યારે હાલતો ખાતામાંથી રૂપિયારૂપિયા ઉપડી જતા હોય ગામમા હચમચ મચી જવા પામી છે તો આઅંગેની જાણ ગામમા વીસોઓ તરીકે ફરજ બજાવતા અજયભાઈ દેસાઈ ને જાણ થતા તેવોએ ૧૯૩૦ ઉપર ફોન પણ કર્યો હતો અને હિંમતનગર સાયબર ક્રાઈમ મા પણ જાણ કરી હોવાનુ જણાવ્યુ હતુ તો તેવોએ આવુ કોઈ અન્ય બીજી સગર્ભા બહેનો સાથે ના થાય તે માટે આશાવર્કર તથા આંગણવાડી કાર્યકર બહેનોનો પણ સંપર્ક કરી જાણ કરી હોવાનુ તેવોએ ટેલીફોનીક જણાવ્યુ હતુ ત્યારે હાલતો મોયદ ગામ માંથી અંદાજે ૧૦ થી ૧૫ મહિલાઓના ખાતા માંથી ઓનલાઈન દોડ લાખ થી ઉપર ની રકમ ઉપડી ગઈ હોવાનુ અજયભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ.

# લાલીના મુવડાથી ચોરી અને ઠગાઈના ઈરાદાથી ભાગેલા બાવાઓને ગ્રામજનોએ મેથીપાક ચખાડ્યો



મોડાલા, તા. ૨૭

ધનસુરા તાલુકાના લાલીના મઠ ગામે ગઈકાલે બાવા અને મદારી ના વેશમાં ચાર જેટલા બાવા ચોરી અને ઠગાઈ કરવાના ઈરાદે આવ્યા હતા અને ગામમાં એક બહેન ને ઘેર જઈ કથિત બાવા ઓ એ એક બહેનને કઈક વસ્તુ સુંઘવાનું કહેતા બહેને સુંઘતા બેભાન અવસ્થામાં થઈ જતાં આ બહેન પાસેથી પાંચસો રૂપિયા ની રકમ લીધી હતી અને ચાંદીના દાગીના માગ્યા હતા અને દાગીના લઈ કહેવાતા બાવા ટોળકી દાગીના લઈ છૂમંતર થઈ ગઈ હતી. આ વાતની જાણ ગામજનોને થતા ગામજનો એ બાવાઓનો પીછો કર્યો હતો અને બાવાઓને તલોદ તાલુકાના અમરાપુર ગામે થી ઝડપી પાડી અમરાપુર તથા લલીના મઠના ગ્રામજનો દ્વારા સારો એવો મેથીપાક ચખાડ્યો હતો જોકે આ સંદર્ભે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવેલ નથી.

# પ્રાંતિજના વદરાડ તળાવમાંથી વહેલી સવારે કોહવાયેલી લાશ મળતા ગામજનો તળાવ પાસે દોડી આવ્યા



પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના વદરાડ તળાવ માંથી વહેલી સવારે કોવાયેલી હાલતમા એક લાશ જેવુ દેખાતા લોકોના ટોળી ટોળા તળાવ પાસે દોડી આવ્યા હતા તો પ્રાંતિજ ફાયર ટીમ ને જાણ કરાતા ફાયર ટીમ તાત્કાલિક ધટના સ્થળે દોડી આવી લાશ ને તળાવ માંથી બહાર કાઢી હતી.

પ્રાંતિજ ના વદરાડ ખાતે આવેલ તળાવ મા મંગળવાર ની વહેલી સવારે કોઈ અજાણ્યા ઈસમ ની કોવાયેલ હાલત મા લાશ જેવુ દેખાતા ગામમા વાયુવેગે સમાચાર પ્રસરી જતા લોકોના ટોળેટોળા ધટના સ્થળે દોડી આવ્યા હતા અને દોડી આવેલ માંથી કોઈએ પ્રાંતિજ પોલીસ તથા પ્રાંતિજ ફાયર બ્રિગેડ ટીમ ને જાણ કરી હતી તો પ્રાંતિજ ફાયર બ્રિગેડ ટીમ ને જાણ થતા ફાયર ટીમ ના કેપ્ટન મુકેશભાઈ પરમાર ,ગોવિંદભાઈ પટેલ સહિત ની તેવોની ટીમ ધટના સ્થળે દોડી આવી હતી અને તળાવષમા પાણી મા જઈ ને કોવાયેલ ગયેલ લાશ ને પાણી માંથી બહાર કાઢી હતી તો લાશ બહાર કાઢતા લાશ ની ઓળખ થઈ હતી અને મૃતક ગામનાજ રતિભાઈ લક્ષ્મણ ભાઈ વાધેલા (દેવીપૂજક)ઉ.વર્ષ અંદાજીત ૫૫ હોવાનુ જાણવા મલ્યુ હતુ તો મૃતક પોતાના ધરે થી એક દિવસ અગાઉ ધરેથી બહાર ગયા હોવાનુ સુત્રો દ્વારા જાણવા મલ્યુ હતુ.

# જીઈબી મંડળી, ડીસાની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ધ જીઈબીના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી, ડીસાની વાર્ષિક સાધારણ સભા મંડળીના પ્રમુખ મહેન્દ્રભાઈ સુંઢીયાના અધ્યક્ષ સ્થાને શુભમ્ પાર્ટી પ્લોટ ડીસા ખાતે યોજાઈ. જેમાં વય મર્યાદાના કારણે નિવૃત્ત થયેલા કર્મચારીઓને પ્રમાણપત્ર અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. ચાલુ વર્ષ દરમ્યાન ધો.૧૦ અને ધો.૧૨ માં ઉચ્ચ ટકાવારી મેળવી સિધ્ધિ હાંસલ કરનાર કર્મચારીઓના વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર અને ગીફ્ટ આપી ઉત્સાહિત કરવામાં આવેલા. સદર સભામાં મંડળીના પ્રમુખ મહેન્દ્રભાઈ સુંઢિયા, ઉપપ્રમુખ આર.ડી.પટેલ, મંત્રી રામજીભાઈ રૂપાલા, સહમંત્રી ભરતભાઈ શર્મા, કારોબારી સભ્યો હસમુખભાઈ નાઈ, ગિરીશભાઈ પટેલ, કીર્તિલાલ પુરોહિત, શૈલેષભાઈ સિસોદીયા વગેરેએ હાજર રહી પ્રસંગને સફળ બનાવ્યો હતો. સભાનું સંચાલન મથુરભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## અવસાન નોંધ



બાયડ ગામના જયંતિભાઈ નાગરભાઈ ભાટીયાના પુત્ર અને ઉમંગભાઈ ભાટીયાના પિતા પંકજભાઈ ભાટીયાનું નિધન થયેલ છે. સ્વર્ગસ્થનું સૂતક અને બેસણું તા.૩૦ જૂન-૨૦૨૩, શુક્રવારે સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ તેમના નિવાસસ્થાન ભાટીયા શેરી, સ્વામિનારાયણ મંદિરના ઢાળ પાસે, બાયડ ગામમાં રાખેલ છે.



આર્ટ્સ એન્ડ્ કોમર્સ કોલેજ,ધનસુરામા ઈતિહાસ વિભાગના ઉપક્રમે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું જેમાં સેમ-૫ ના ઈતિહાસ વિષયના વિદ્યાર્થીઓને આચાર્ય ડો પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ દ્વારા સંદર્ભ ગ્રંથોનું વાંચન થકી અભ્યાસના મહત્વ પર ભાર દર્શાવવામાં આવ્યો.